# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : FRIDAY** **National News**

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

**************************************************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં રામકૃષ્ણ મિશન સેવાશ્રમ હોસ્પિટલમાં નંદ કિશોર સોમાણી કેન્સર કેર બ્લોકનું ઉદ્ઘાટન કર્યું.

**2)** પશ્ચિમ બંગાળમાં S.I.R. પ્રક્રિયા બાદ વિચારણા હેઠળના વિવાદાસ્પદ મતદારોની પહેલી પૂરક યાદી આજે જાહેર થઈ શકે છે.

**3)** દેશના ઉત્તર પૂર્વ ભાગમાં-આજે વાવાઝોડાની આગાહી.

**4)** ભારતે પાકિસ્તાન આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે ત્યા સુધી સિંધુ જળ સંધિ સ્થગિત રાખવાનો પુનરોચ્ચાર કર્યો.

**5)** અરૂણાચલ પ્રદેશના દિવ્યાંગ ખેલાડી ટિન્ગોગ વાંગપાને ભુવનેશ્વરમાં સિનિયર નેશનલ પેરા એથ્લેટિક્સ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PREZ - ONCOLOGY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં રામકૃષ્ણ મિશન સેવાશ્રમ હોસ્પિટલમાં નંદ કિશોર સોમાણી કેન્સર કેર બ્લોકનું ઉદ્ઘાટન કર્યું. જે અદ્યતન રેડિયોથેરાપી અને ડાયગ્નોસ્ટિક સુવિધાઓથી સજ્જ છે.આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું

(BYTE : PRESIDENT AAYUSHMAN BHARAT)

તેમણે રામકૃષ્ણ મિશન સેવાશ્રમ હૉસ્પિટલની કામગીરીની પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપતિ ગઈકાલથી ઉત્તરપ્રદેશના ત્રણ દિવસના પ્રવાસે છે. તેમણે આજે પ્રેમાનંદજી મહારાજ આશ્રમની મુલાકાત લીધી અને વૃંદાવનમાં નીમકરોલી બાબાની સમાધિની પણ મુલાકાત લઈ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેઓ સાંજે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોની સંભાળ માટે કામ કરતી કલ્યાણકારી સંસ્થા વાત્સલ્ય ગ્રામની મુલાકાત લેશે.

# PM MAA AMBE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવરાત્રિના અપાર આધ્યાત્મિક માહોલ વચ્ચે પોતાના વિચાર રજૂ કરતા કહ્યું હતું કે,માઁ અંબે પ્રત્યેની ભક્તિ, મનને અપાર શાંતિ અને ઉર્જાથી ભરી દે છે સોશિયલ. શેર પણ ભક્તિગીત એક સમર્પિત અંબેને માઁ મોદીએ શ્રી સંદેશમાં મીડિયા કર્યું છે.

**WB SIR**

પશ્ચિમ બંગાળમાં વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા અંતર્ગત વિચારણા હેઠળના મતદારોની યાદીની તપાસ બાદ વિવાદાસ્પદ મતદારોની પહેલી પૂરક યાદી આજે જાહેર થઈ શકે છે .S.I.R. પ્રક્રિયા બાદ 28 ફેબ્રુઆરીએ જાહેર અંતિમ મતદાર યાદીમાં 60 લાખથી વધુ નામ વિચારણા હેઠળ હતા .

પૂરક યાદી જાહેર થતા પહેલા કલકત્તા વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુજૉય પાલે ગઈકાલે કાયદા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને- S.I.R. પ્રક્રિયામાં જોડાયેલા ન્યાયાધીશો તથા કાયદાકીય અધિકારીઓની સુરક્ષા માટે તાત્કાલિક બેઠક બોલાવીમુખ્યસચિવ દુષ્યંત નરયાલે પણ . મ મુખ્ય અધિકારીનોજ અગ્રવાલ અને વિશેષ નિરીક્ષક સુબ્રતા ગુપ્તા સાથે મુલાકાત કરી હતી .

મુખ્ય ચૂંટણી અધિકારીએ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે અલગથી વધુ એક તબક્કાની ચર્ચા કરી.બેઠકોની વિગત હજી સુધી જાહેર કરવામાં નથી આવી, પરંતુ એવું માનવામાં આવે છે કે, તેમાં પૂરક યાદીની જાહેરાતથી પહેલા રાજ્યમાં સુરક્ષા અને જાહેર વ્યવસ્થાને જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું.

# KERALA ASSEMBLY ELECTION

મુખ્ય ચૂંટણી અધિકારી રતન યુ. ખેલકરે વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોનું ઉમેદવારીપત્ર રજાઓના દિવસે નહીં સ્વીકારાય તેવી જાહેરાત કરી. ઉમેદવારો આગામી 23 તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે. જ્યારે તેની તપાસ 24 તારીખે કરાશે. ઉમેદવારો 26 તારીખ સુધી પોતાનું ઉમેદવારીપત્ર પરત લઈ શકે છે.

કેરળ, પુડુચેરી અને આસામમાં વિધાનસભા ચૂંટણી માટે નવ એપ્રિલે મતદાન અને ચાર મેં-એ મતગણતરી કરાશે.

# AIRPORT AUTHORITY FLIGHT INSPECTION

ભારતીય વિમાનમથક સત્તામંડળે દેશમાં ઉડ્ડયન સુરક્ષા અને દિશા નિર્ધારણ માપદંડોને સુદ્રઢ કરવાની દિશામાં મહત્વની પહેલ કરી છે . સોશિયલ મીડિયા સંદેશમાં સત્તામંડળે જણાવ્યું, તેમની ઉડાન નિરીક્ષણ ટુકડીએ રાંચીના બિરસા મુંડા વિમાનમથકમાં મહત્વની હવાઈ વિમાનચાલન પ્રણાલિનું નિરીક્ષણ કર્યુંસત્તામંડળે . વધુમાં જણાવ્યું, આ પ્રણાલિ વિમાન ઉતરતા સમય અને ખાસ કરીને ઓછી દ્રશ્યતા વાળી સ્થિતિ દરમિયાન સચોટ માર્ગદર્શન માટે જરૂરી છે.

# ISRAEL-IRAN- ATTACK

ઈઝરાયેલે આજે ઈરાનના તેહરાન પર હવાઈ હુમલો કર્યો. જોકે ઈઝરાયેલે ઈરાનના મુખ્ય ગેસ ક્ષેત્ર પર હુમલો ન કરવાનો સંકેત આપ્યો હતો. દરમિયાન, ઈરાને ખાડી ક્ષેત્રમાં ઉર્જા સ્થાપનો પર હુમલાઓ વધારી દીધા છે. આજે સવારે દુબઈમાં ઈદ અલ-ફિત્રની નમાઝ દરમિયાન પણ વિસ્ફોટો સંભળાયા હોવાના પણ  અહેવાલ છે. ઈરાને ઈઝરાયેલ પર પણ મિસાઈલ છોડવાનું ચાલુ રાખ્યું છે.

દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં, સુરક્ષા પરિષદે ગઈકાલે એક કટોકટી બેઠક યોજી હતી, જેમાં ખાડી દેશોએ ઈરાનને હુમલાઓ બંધ કરવા અપીલ કરી હતી. સાઉદી અરેબિયા, કતાર, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત દ્વારા મુખ્ય ઉર્જા સુવિધાઓ પર હુમલા અંગેની  જાણ કરવામાં આવી છે. આસપાસના પાણીમાં રહેલા જહાજોને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાતે કહ્યું કે તેણે હિઝબુલ્લાહ અને ઈરાન સાથે જોડાયેલા નેટવર્કને તોડી પાડ્યું  છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે હિમાલયના ઉપ પશ્ચિમ-બંગાળ અને સિક્કિમમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જયારે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ થવાની સંભાવના  છે .

હવામાન વિભાગે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં પણ આજે કરા સાથે વાવાઝોડાની આગાહી હોવાનું જણાવ્યું છેઉપરાંત કર્ણાટકના દરિયાકાંઠા ., તમિળનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે અને દેશના ઉત્તરપૂર્વ ભાગમાં - વીજળી સાથે વાવાઝોડુ આવી શકે છે.

# JK VAISHNODEVI

જમ્મુ-કશ્મીરમાં ધોધમાર વરસાદ અને હાડ થીજવતી ઠંડી વચ્ચે નવરાત્રિના પહેલા દિવસે હજારો શ્રદ્ધાળુઓએ રિયાસી જિલ્લાના ત્રિકુટા પર્વત પર આવેલાં માતા વૈષ્ણોદેવી મંદિરમાં દર્શન કર્યાં.

ચૈત્રી નવરાત્રિના પહેલા દિવસે ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા સહિત અંદાજે 15 હજાર શ્રદ્ધાળુઓ માતા વૈષ્ણોદેવીના દરબાર પર પહોંચ્યા હતા.

# INDIA-PAKISTAN WATERS

ભારતે પાકિસ્તાન આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે ત્યા સુધી સિંધુ જળ સંધિ સ્થગિત રહેશે તેવો પુનરોચ્ચાર કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરીશે કહ્યું કે પાકિસ્તાને સંધિની ચિંતાઓ ઉઠાવતા પહેલા માનવ જીવનની પવિત્રતા જાળવી રાખવી જોઈએ. તેમણે પાકિસ્તાનને આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર ગણાવ્યું.

શ્રી હરીશે કહ્યું કે ભારતે 1960 ની સંધિ પર સદ્ભાવનાથી હસ્તાક્ષર કર્યા હતા પરંતુ પાકિસ્તાને યુદ્ધો અને આતંકવાદી હુમલાઓ દ્વારા તેને નબળી પાડી હતી. ગયા વર્ષના પહલગામ હુમલા બાદ ભારતે આ કરાર સ્થગિત કરી દીધો હતો. તેમણે કહ્યું કે ટેકનોલોજીકલ અને પર્યાવરણીય ફેરફારો વચ્ચે સંધિમાં ફેરફારની ચર્ચા કરવાના ભારતના પ્રયાસને પાકિસ્તાને  નકારી કાઢ્યો હતો.

# US BILL -FOREIGN STUDENTS

અમેરિકાની સંસદે અમેરિકામાં કુશળ વિદેશી પ્રતિભાને જાળવી રાખવાના હેતુસર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે એક મહત્વનું વિધેયક રજૂ કર્યું. ભારતના વિદ્યાર્થીઓ સહિત હજારો વિદેશી વિદ્યાર્થીઓ તેનો લાભ મેળવી શકશે અને વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીઓ તથા નોકરીદાતાઓને લાંબા ગાળાની ખાતરી મળશે. આ વિધેયકને ઉદ્યોગ અને યુનિવર્સિટીઓના મોટા જૂથનો ટેકો પણ મળ્યો છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે નવેમ્બરમાં ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ સમાપ્ત કરવાનો સંકેત આપ્યા બાદ આ પગલું લેવાયુ છે. આ મુદ્દો ભારત માટે ખાસ મહત્વનો છે. અમેરિકામાં  સૌથી મોટા વિદેશી વિદ્યાર્થી જૂથમાં ભારતીય વિદ્યાર્થીઓ છે. ઘણા વિદ્યાર્થીઓ શિક્ષણ અને રોજગાર વચ્ચે સેતુ તરીકે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પર આધાર રાખે છે.

# NATIONAL PARA ATHLETICS

અરૂણાચલ પ્રદેશના દિવ્યાંગ ખેલાડી ટિન્ગોગ વાંગપાને ભુવનેશ્વરમાં ચાલી રહેલી -24મી સિનિયર નૅશનલ પેરા ઍથ્લેટિક્સ સ્પર્ધા -2026માં પુરુષોના 35-મીટર ટી 100વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છેલાન્ગડિન્ગ . જિલ્લાનું પ્રતિનિધિત્વ કરનારા આ ખેલાડી સહિત અરૂણાચલ પ્રદેશના પેરા સભ્યની ટીમે મંગળવારે આ સ્પર્ધા માટે પ્રસ્થાન કર્ 22 ઍથ્લેટિક્સનીયું હતું.આ સ્પર્ધા આવતીકાલે પૂર્ણ થશે .

# TRI NATION CHAMPIONSHIP

અરૂણાચલ પ્રદેશના યુપિયામાં આવેલા ગોલ્ડન જ્યુબિલી આઉટડોર સ્ટેડિયમમાં 25 માર્ચે અંડર – 23 ત્રિ–રાષ્ટ્ર ચેમ્પિયનશીપનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. તેમાં ઉપસ્થિત રહેનારા દિગ્ગજ ભારતીય ફૂટબૉલ ખિલાડી સુનિલ છેત્રી ફૂટબોલના ઉત્સાહ, સંસ્કૃતિ અને જુસ્સાનો અનુભવ કરવા ઉત્સુક છે.

આ સ્પર્ધામાં ભારત, ભૂતાન અને તઝાકિસ્તાનની ટીમ સહભાગી થશે. આગામી 25, 28 અને 31 તારીખે આ સ્પર્ધાની મેચ રમાશે.